**G.P.V)-1132-2000000-11-2014-A** **Civ.A27g**
**C.Cirs.Civil.P. 13,14,CIRCULAR**
**{NO.30 Edition 1903}** **પાના નંબર**

**તરફની સાહેદી નંબર** **રે.મુ.નં – ૮૨/૨૦૦૯**

**હું આ ઉપરની પ્રતિજ્ઞા કરું છું કે –**

**મારુનામ – વીપુલકુમાર** **પીતાનું નામ–કનુભાઈ શાહ**
**ધર્મ –હીન્દુ**
**ઉ.વ – ૫૦** **ધંધો–નોકરી – સ્ટેનોગ્રાફર**
**રહેવાનું ગામ– વડોદરા** **જીલ્લો–વડોદરા**
**સોંગદ આપ્યા–** **વાદીના વકીલ શ્રી જે.વાય.પઠાણ**

અમો તારીખ – ૩૦/૧૨/૨૦૦૯ ના રોજ અમો ડભોઈ સીવીલ કોર્ટ ખાતે ફરજ બજાવતા હતા અને તે દરમ્યાન અમો કોર્ટ કમીશ્નર તરીકેની કામગીરી પણ કરતા હતા. ચાણોદ માંડવા ટ્રસ્ટ ની ખુલ્લી જગ્યા ની સ્થળ સ્થિીતીનું પંચક્યાસ કરવા માટે નીમણુંક થયેલી.મને આંક – ૯ બતાવવામાં આવે છે તે કમીશન પત્રમાં નીશાની ૬ લગત હુકમ થયા પ્રમાણે પક્ષકારો તથા પંચોની હાજરીમાં દાવા વાળી તકરારી જગ્યાનું પંચક્યાસ કરી તે અંગેનો રીર્પોટ તા. ૩૦/૧૨/૨૦૦૯ અગર તે પહેલા રજુ કરવો અને તે મારા નામ જોગ છે. આ કમીશન પત્ર મળ્યા બાદ અમોએ પક્ષકારોને નોટીસો બજાવેલી.

મને કોર્ટ ના રેકર્ડમાંથી વાદી અને પ્રતીવાદીઓને મુદત તારીખ – ૩૦/૧૨/૨૦૦૯ ના રોજ સવારે – ૮–૦૦ એ ચાણોદ ,માંડવા મસ્જીદ ટ્રસ્ટ વાળી તકરારી જગ્યાએ હાજર રહેવા માટે તા. ૨૯/૧૨/૨૦૦૯ ના રોજ પંચક્યાસ નોટીસ ઈસ્યુ કરેલી. જે તમામ નોટીસો બજી ગયેલ છે જેને રજુ દાખલ આંક ......... તથા આંક .........

તા.૩૦/૧૨/૨૦૦૯ ના રોજ અમો સવારે ૮–૦૦ કલાકે તકરારી જગ્યા પર હાજર રહેલ અને સ્થળ પર વાદીઓ ,પ્રતીવાદીઓ અને પંચો હાજર હતા.અને મે ચાણોદ માંડવા ટ્રસ્ટ ની સર્વે નં – ૭૬૧/૪ વાળી ખુલ્લી જગ્યાની

ચતુસીમા વાળું પંચનામુ કરેલું.પંચનામુ મે પક્ષકારો અને પંચો ના લખાવ્યા મુજબ ખાત્રી કરીને અમોએ લખેલુ. મને માર્ક – ૯/૧ બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે તેમાં ઉતર બાજુ કુમાર શાળા આવેલી છે.દક્ષીણ બાજુ મસ્જીદનું મકાન આવેલ છે. પૂર્વ તરફ કોતર આવેલ છે. પશ્ચીમ તરફે રેલ્વે સ્ટેશન થી નર્મદા નદી તરફ જવાનો રાજમાર્ગ આવેલ છે અને ખુલ્લી જગ્યાનો જે પંચકયાસ કરેલ તેમાં માપ લેતા પૂર્વ તરફના ભાગે ઉતર – દક્ષીણ ૨૮ ફૂટ તથા દક્ષીણ તરફના ભાગે પૂર્વ – પશ્ચીમ ૧ ૦૦ ફૂટ આવેલ છે અને ૧૦૦ ફૂટ બાદ આશરે ૧૫ ફૂટ જેટલું ધોવાણ થયેલ છે. સદર જગ્યાની પશ્ચીમ તરફના ભાગે પૂર્વ – પશ્ચીમ ૨૮ ફૂટ તથા ઉતર – દક્ષીણ ૧ ૮ ફૂટનો એક સેડ બનાવેલ છે જેમાં પ્રવેશવા માટે પાટીયા ના દરવાજા મુકેલા છે. અને તે પ્રવેશતાનું માપ ઉતર – દક્ષીણ ૧૫ ફૂટ થાય છે. સેડમાં છતના ભાગે તથા ચારેય તરફ પતરા મારી બોર્ડર કરવામાં આવેલ છે. જેને રજુ દાખલ આંક .......... આપવામાં આવે છે. સદર જગ્યાની પૂર્વ તરફ પંચનામાની વીગત મુજબ કોઈપણ જાતનું બાંધકામ કરેલ નથી. આ પંચકયાસ વખતે કોઈ અણબનાવ કે વીરોધ થયેલ ન હતો. પંચકયાસ સવારના ૮–૦૦ કલાકે શરુ કરી કલાક – ૯–૩૦ એ પુર્ણ કરેલું. પંચકયાસ પુર્ણ કર્યા બાદ હાજર પક્ષકારોની અમોએ સહીઓ લીધેલી અને રુબરુમાં અમોએ સહી કરેલી. અમોએ સ્થળ સ્થિતીનો નકશો તૈયાર કરેલો અને તે મે ખાત્રી કરીને તૈયાર કરેલ તેમાં મારી સહી છે જેને રજુ દાખલ આંક .......... આપવામાં આવે છે.

**<u>ઉલટ – તપાસ પ્રતીવાદી ના વકીલ શ્રી ડી.સી.જોષી</u>**

હું છેલ્લા ૨૫ વર્ષ થી કોર્ટમાં નોકરી કરુ છું. ડભોઈ કોર્ટમાં ૧૧ વર્ષ નોકરી કરેલી. કોર્ટ કમીશ્નર તરીકે મારી સ્થળ સ્થિતી પંચકયાસ કરવા માટે ૫ થી ૬ વાર નીમણુંક થયેલી.એ વાત ખરી છે કે ૫ થી ૬ વાર પંચકયાસ કરવા ગયેલા તે વખતે સ્થળ પર પક્ષકારો તથા પંચો હાજર હોય . એ વાત ખરી છે કે પંચો અને પક્ષકારો સ્થળ સ્થિતીનું વર્ણન કરે તે રીતે અમો પંચકયાસ લખીએ. ચાણોદ માંડવા ખાતે ના પં

ચકયાસ કરેલ તે વખતે કયાં કયાં પક્ષકારો હાજર હતા **<u>તેવા સવાલના જવાબમાં જણાવુ છું કે</u>** નોટીસો કરેલ તે હાજર હતા હાલ નામ યાદ નથી. એ વાત ખરી નથી કે અમોએ જે પંચકયાસ કરેલ તેમાં પ્રતીવાદી કે તેના પંચોની સહી લીધેલ નહી. એ વાત ખરી છે કે પંચકયાસમાં પ્રતીવાદી નં ૧,૨,૩,૪ ની સહીઓ કે પ્રતીવાદીના પંચોની સહી નથી.એ વાત ખરી છે કે પંચકયાસ કરેલ ત્યારે સ્થળ પર ખુલ્લી જગ્યા હતી.એ વાત ખરી છે કે પંચકયાસ કરેલ તે વખતે પ્રતીવાદી નં ૧ ,૨,૩,૪ કે તેમના પંચો પંચકયાસ સમય દરમ્યાન સ્થળ પર હાજર ન હતા.એ વાત ખરી નથી કે પક્ષકારો હાજર ન હોય તેથી એક તરફી પંચકયાસ કહેવાય. એ વાત ખરી નથી કે પંચકયાસ પ્રતીવાદીઓ અને તેમના પંચો સ્થળ પર આવતા શરુ કરી દીધેલ. એ વાત ખરી છે કે પંચકયાસ શરુ કર્યા બાદ તેના અડધો કલાક બાદ જીલ્લા વીકાસ અધીકારી ની કચેરીમાંથી સર્કલ ઈન્સપેકટર આવેલા અને તે મતલબનો શેરો મે મારા પંચકયાસ માં મારેલો છે. એ વાત ખરી નથી કે પંચકયાસ કરીને બહાર આવતા પ્રતીવાદીઓએ મને મારી ઓળખ પુછેલ . સાહેદ જણાવે છે કે મને કોઈ મળેલ નહી. એ વાત ખરી નથી કે પ્રતીવાદીઓએ ફરીથી પંચકયાસ કરવાનું જણાવતા અમોએ જણાવેલ કે આ અંગે તમારે કોર્ટમાં જે કહેવું હોય તે કહેજો.

સવાલ – પ્રતીવાદીઓ કે તેમના પંચોની સહી કેમ નહી લીધેલ ?

જવાબ – તેઓ હાજર ન હતા.

એ વાતની મને ખબર નથી કે પંચકયાસ સામે પ્રતીવાદીઓએ કોર્ટમાં વાંધા આપેલા કે કેમ. એ વાતની મને ખબર નથી કે સદર મારો પંચકયાસ કોર્ટ એ રદ કરેલ કે કેમ. એ વાત ખરી નથી કે તથસ્ટ રીતે પંચકયાસ કરેલ નહી.

**<u>ઉલટ – તપાસ પુરી. ફકેર તપાસ નથી.</u>**

**<u>સાહેદની જુબાની વાંચી સંભાળવતા તે ખરી હોવાનું કબુલ રાખેછે.</u>**

Addi.Sr.CivilJudge,Dabhoi

ડભોઈ .તા.૧૯/૦૯/૨૪ અમારા રુબરુ

(કે.એસ.ખન્ના )
અધિક સિનીયર સિવીલ જજ,
ડભોઈ



।

**રે.દી.કામ નં – ૮૨/૦૯ વાળા કામે પ્રતીવાદી – ભરતભાઈ મનુભાઈ માછી નું આંક – ૧૭૮ તળે ઉલટ – તપાસ**

**ઉલટ – તપાસ – વાદી વકીલશ્રી તરફે જે.વાય.પઠાણ –**

**સોંગદ આપ્યા –**

હું ધોરણ – ૧૦ ભણેલ છું અને ખેતીકામ કરુ છું. હું ચાણોદ ગ્રામ પંચાયતમાં છેલ્લા અઢી વર્ષ થી સભ્ય છું અને અમારી સાથે બીજા ૧૦ સભ્ય છે. હું વોર્ડ – ૯ માં સભ્ય છું. એ વાત ખરી છે કે હું ગ્રામ પંચાયતમાં સભ્ય છું અને હાલ ઉપ પ્રમુખ છું તેવો દર્શાવવા હાલના કામે પુરાવો રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે ગ્રામ પંચાયતમાં ગ્રામ પંચાયત વતી કોઈ પણ કાર્યવાહી કરવાની હોય તો તેની પંચાયત મીંટીંગમાં ઠરાવ કરવો પડે. ચાણોદ ગ્રામ પંચાયતમાં હાલમાં સરપંચ છે જેમનું નામ દીપ્તીબેન સોની છે. એ વાત ખરી નથી કે પંચાયત વતી કાર્યવાહી કરવાની હોય તેવો ઠરાવ કરવામાં આવેલ નથી.એ વાત ખરી નથી કે આવો કોઈ પંચાયતનો ઠરાવ કરેલ નથી તેથી આ કામે રજુ કરેલ નથી. પંચાયત વતી ઠરાવ ના કરેલ હોય તો હું જુબાની આપી શકુ નહી તે વાતની મને સમજ છે. એ વાત ખરી છે કે આંક – ૧૭૮ વાળા સોંગદનામામાં ઠરાવનો કોઈ સંદર્ભ લખેલ નથી.

આ દાવા વાળી તકરારી મીલકતની તકરાર સને – ૨૦૦૫ માં ઉપસ્થીત થયેલી. દાવો કયારે થયેલ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે સને – ૨૦૦૯ ની સાલમાં અમો ચાણોદ ગ્રામ પંચાયતમાં સભ્ય તરીકે ન હતા. એ વાત ખરી છે કે સને – ૨૦૦૯ ની સાલમાં દાવા વાળી મીલકત બાબતે પંચાયત ધ્વારા અને નામદાર કોર્ટ ધ્વારા શુ – શુ કાર્યવાહી કરવામાં આવેલ તેની મને કોઈ જાત માહીતી નથી. એ વાત ખરી છે કે નામદાર કોર્ટ ધ્વારા તકરારી મીલકતનું સ્થળ સ્થિતીનો પંચકયાસ કરવામાં આવેલ હોય અને હું ત્યાં ગયેલ હોય તેવું બનેલ નથી.

સને ૨૦૦૯ ની સાલમાં નીલેષભાઈ ખત્રી સરપંચ હતા. હવે કહુ છું કે તેઓ ડેપ્યુટી સરપંચ હતા. સાહેદ જણાવેછે કે સરપંચ દામોદર માસ્તર એ રાજીનામું

આપેલ હોય તેથી નીલેષભાઈ સરપંચ તરીકે વહીવટ ચલાવતા.

મે રજુ કરેલ આંક – ૧૭૮ વાળી જુબાની વાંચેલી અને મારા કહયા પ્ર માણે મારા વકીલશ્રીએ તૈયાર કરેલી.એ વાત ખરી છે કે મસ્જીદ ની ઉતર દીશા તરફ ૭૬૪/૧ વાળી ખુલ્લી જગ્યા આવેલી છે તેનો કોઈ પુરાવો આ કામે રજુ કરેલ નથી.પંચાયતમાં હું છેલ્લા અઢી વર્ષ થી છે તેથી પંચાયતના નીતી નીયમોથી હું વાકેફ છું. એ વાત ખરી છે કે પંચાયતમાં કોઈ પણ ઠરાવ કરવામાં આવે તો તેનો એજન્ડા બહાર પાડવામાં આવે છે તથા બહુમતી સભ્યની સહમતીથી ઠરાવ કરવામાં આવે છે. એ વાત ખરી છે કે પંચાયતમાં જે ઠરાવ કરવામાં આવે તો તે હાજર સભ્યના નામ લખી સહી કરવામાં આવે તેને પંચાયતનો ઠરાવ કહેવાય. પંચાયતમાં ઠરાવ બુક ,વેરા પાવતી  તથા ભાડા ની પાવતી ,આકારણી પત્રક નીભાવવામાં આવે છે. એ વાત ખરી છે કે ઉપરોકત તમામ રેકર્ડ અને દફતર તલાટીની કસ્ટડીમાં રહે છે અને તલાટી આ તમામ રેકર્ડ નીભાવે છે. એ વાત ખરી છે કે ધાર્મીક સ્થળ નો પંચાયત વેરો વસુલતા નથી ધાર્મીક સ્થળને વેરા માફી છે. એ વાત ખરી છે કે ખાનગી માલીકીની મીલકત અને પંચાયતએ ભાડે આપેલ મીલકત પંચાયત વસુલે છે. એ વાત ખરી છે કે ચાણોદમાં આકારણી પત્રક નીભાવવામાં આવે છે અને તેમાં મીલકતના માલીકનું નામ ,કબ્જેદાર વીગેરે માલીકીની લગતી વીગતો લખવામાં આવે છે જેના આધારે પંચાયત ધ્વારા વેરો વસુલવામાં આવે છે. એ વાત ખરી છે કે સરકારી જગ્યાનો વેરો પંચાયત વસુલ કરી શકે નહી. એ વાત ખરી છે કે કોઈપણ વ્યકિત ધ્વારા પંચાયતના રેકર્ડની માંગણી કરે તો તલાટી તેની ખરાઈ કરી સહી સીકકા વાળી ખરી નકલ આપે છે.

દાવાવાળી તકરારી જગ્યા મે જોયેલી છે.એ વાત ખરી છે કે  તકરારી જગ્યામાં ચાણોદ મસ્જીદ આવેલ છે તેનો સર્વે નંબર  અને તેનું ક્ષેત્રફળ કહી શકુ નહી. એ વાત ખરી નથી કે દાવા વાળી તકરારી જગ્યા ચોકકસ કહી શકુ નહી. તકરારી જગ્યા કુમાર શાળની પશ્ચીમ દીશામાં આવેલ છે. એ વાત ખરી છે કે મસ્જીદ



|

અને તેની બાજુમાં તકરારી જગ્યા આવેલ છે અને તેની પશ્ચીમ દીશામાં ચાણોદ ગામ જવાનો મુખ્ય રોડ આવેલ છે. તકરારી મીલકતની પશ્ચીમ દીશામાં પંચાયતનું ટોલ નાકુ આવેલ છે. એ વાત ખરી છે કે પંચાયતના ટોલનાકા ની બાજુમાં વીશ્રામગૃહ છે અને તે બાદ હરીજન વાસ તરફ જવાનો રસ્તો આવેલ છે.એ વાત ખરી છે કે તકરારી જગ્યાની પૂર્વ દીશામાં કોતર આવેલ છે અને કોતર હોવાના કારણે આગળ જવાનો રસ્તો નથી. એ વાત ખરી નથી કે તકરારી જગ્યા તરફ વચ્ચેના ભાગે મસ્જીદનો દરવાજો અને બારી આવેલ છે. સાહેદ જણાવે છે કે બારી આવેલ છે. એ વાત ખરી છે કે આ તકરારી જગ્યાનો વર્ષો થી કબ્જો મસ્જીદ ટ્રસ્ટનો છે.

**આ તબ્બકે રીશેષ સમય થતા ઉલટ – તપાસ મુલ્તવી.**

**સાહેદની જુબાની વાંચી સંભાળવતા તે ખરી હોવાનું કબુલ રાખેછે.**

**ડભોઈ .તા.૦૪/૧૨/૨૪** **અમારા રુબરુ**

**(કે.એસ.ખન્ના )**
**અધિક સિનીચર સિવીલ જજ,**
**ડભોઈ**